**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જૂનાગઢ.**

**<u>ક્રિમીનલ અપીલ નં. ૧૫૩/૨૦૨૫</u>**

**એપેલન્ટ:** લખમણભાઈ રાજાભાઈ હરણ,
ઉ.વ.૩૫, ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી,
રહે. મસ્તરામ મંદિર રોડ, પાણીના અવેડા પાસે,
ગોપાલ નગર, જુનાગઢ.

**વિરૂધ્ધ**

**રીસ્પોન્ડન્ટ :** (૧) શ્રી રામ ફાનાન્સ કંપની લી.વતી તેના ઓથો.
તેના ઓથો. ઓફીસર તથા કુલમુખત્યાર,
શ્રી નિકુંજ વિઠ્ઠલભાઈ ગામી,
ઠે.મેરીગોલ્ડ કોમ્પલેક્ષ, બહાઉદીન કોલેજ સામે,
જુનાગઢ.

(૨) શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,જૂનાગઢ.

**<u>–:: આંક–૧ લગત હુકમ ::–</u>**

(૧) હાલના એપેલન્ટ વિરૂધ્ધ રીસ્પોન્ડન્ટ નં.–૧નાએ ક્રિમીનલ કેસ નં.૬૭૨૪/૨૦૨૧ થી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરી હતી તે કામે ટ્રાયલ અદાલતે તા. ૧૧–૦૮–૨૦૨૫ ના રોજ જે હુકમ કરેલો છે તે હુકમથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) અપીલ સુનાવણીના તબકકે બંને પક્ષકારો અદાલત સમક્ષ હાજર થતા પક્ષકારો વચ્ચે સમાધાન થતા આંક–૧૩ થી પુરસીસ રજુ કરેલ છે. જેમાં અપીલના કામે બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય સમાધાન મુજબની રકમ મળી ગયેલ હોય કોઈ રકમ બાકી રહેતી નથી જેથી સમાધાન પુરસીસ મુજબ નામદાર નીચેની

કોર્ટ ધ્વારા થયેલ સજાનો હુકમ રદ્દ કરવા હુકમ કરવા અરજ કરેલ છે. આમ, એપેલન્ટ તર્ફે સામાવાળા નં.–૧ સાથે સમાધાન થઈ જતા હાલની ક્રિમીનલ અપીલ આગળ ચલાવવા માંગતા નથી તે મતલબની જાહેરાત કરતા આંક–૧૩ ની પુરસીસને રેકર્ડ કરવામાં આવેલ છે અને એપેલેન્ટે નામદાર કોર્ટમાં ૨૦ % રકમ મુળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.–૧ ને ચુકવવા કોઈ વાંધો તકરાર નથી તેવુ એપેલેન્ટે આંક–૧૪ ની પુરસીસથી જાહેર કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૩) વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે દામોદર પ્રભુ વિ. સૈયદ બાબુલાલ ૨૦૧૦ (૩) સુ.કો.કેસીસ પાન–૬૬૩ ના આપેલ ચુકાદામાં આપેલ માર્ગદર્શન મુજબ અપીલના કામે ૧૫ % ચેકની રકમ કમ્પાઉન્ડીંગ ચાર્જ/કોસ્ટ પેટે ભરવાની થાય છે પરંતુ ના. સર્વોચ્ચ અદાલતે મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરૂધ્ધ પ્રતિક જૈન ૨૦૧૪ (૧) સુ.કો.કેસીસ પાન–૬૯૦ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સ્પેસીફીક સ્પેશીયલ કારણો જણાય તો દામોદર પ્રભુના ચુકાદામાં ઠરાવ્યા મુજબ કોસ્ટની રકમમાં ઘટાડો કે વેવ કરી શકે છે તે મુજબ ઠરાવેલ છે તે સિધ્ધાંતને લક્ષમાં લઈ હાથ ઉપરના કેસમાં આરોપી/એપેલન્ટની આર્થિક પરિસ્થિતી તથા તેમની કૌટુંબિક જવાબદારી લક્ષમાં લેતા સમાધાન થતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

એપેલેન્ટ/આરોપી અને રીસ્પોન્ડન્ટ નં.–૧ ની સંયુકત પુરસીસ આંક–૧૩ ના આધારે હાલની ક્રિમીનલ અપીલ સમાધાન પુરસીસ રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

એપેલેન્ટ/આરોપીની હાલની ક્રિમીનલ અપીલ આંક–૧૩ ની પુરસીસમાં જણાવ્યા મુજબ ટ્રાયલ કોર્ટનો ક્રિમીનલ કેસ નં.૬૭૨૪/૨૦૨૧ લગત ટ્રાયલ કોર્ટે સજા નો કરેલ હુકમ રદ કરવામાં આવે છે.

એપેલેન્ટ/આરોપીએ જમા કરાવેલ રકમ રૂા.૨૫,૦૦૦/- એપેલેન્ટ/આરોપીની ઓળખાણ અંગેની ખરાઈ કરી તેઓને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમની નકલ ટ્રાયલ કોર્ટના અસલ રેકર્ડ સાથે ટ્રાયલ અદાલતને હુકમની અમલવારી માટે મોકલી આપવી.

આ હુકમ આજ તા.૧૬ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.:૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : જૂનાગઢ

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)